Paper Code – 3962/4062

M.A. Sem – 3 POLITICAL SCIENCE (Old/Nwe Course)

Mar-Jun - 2021

CC-302 INDIA'S FOREIGN POLICY-I

(Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ કુલ પ્રશ્નો : ૫૦ વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. વિદેશ નીતિ એટલે શું ?
A. અન્ય રાજ્યો સાથેના સંબંધોનું સંચાલન B.રાષ્ટ્રીય હિતની જાળવણી અને વૃદ્ધિ
C. અન્ય રાજ્ય-રાજ્યો અંગેની કોઈ ચોક્કસ નીતિ D.ઉપરોક્ત તમામ
2. ભારતની વિદેશ નીતિ નો મુખ્ય હેતુ શું છે ?
A. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શાંતિ અને સલામતી માટે પ્રયત્નો કરવા B.જાતિવાદનો વિરોધ કરવો
C. સંયુક્ત રાષ્ટ્રસંઘનું સમર્થન કરવું. D.ઉપરોક્ત માંથી એક પણ નહીં.
3. ભારતે સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદ ની નીતિ નો હંમેશા વિરોધ શા માટે કર્યો છે ?
A. ઉપરોક્ત બંને પરિબળોથી વૈશ્વિક હરીફાઇ જામે છે. B.ઉપરોક્ત બંને પરિબળોને કારણે વિશ્વ શાંતિ જોખમાય છે.
C. બીજા વિસ્તારોની શાંતિ સલામતી અને સ્વતંત્રતા જોખમાય છે. D.ઉપરના માંથી એક પણ નહીં.
4. ભારતે કયા આફ્રિકન દેશની સ્વતંત્રતા ચળવળને ટેકો આપ્યો હતો.
A. ટાન્ઝાનિયા B.નાઇજીરીયા C.દક્ષિણ આફ્રિકા D.કેન્યા
5. ભારતે હંમેશા સંયુક્ત રાષ્ટ્રસંઘની કામગીરીની ટેકો આપ્યો છે. શા માટે ?
A. સંયુક્ત રાષ્ટ્ર સંઘ વિશ્વ શાંતિ સ્થાપવામાં મદદરૂપ છે.
B. સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્ય દેશોના આંતરિક વિવાદો મતભેદ દૂર કરવામાં મદદરૂપ થાય છે.
C. ઉપરોક્ત બંને
D. ઉપરોક્ત માંથી એક પણ નહિ.
6. ઠંડા યુદ્ધના અંત પછી ભારતની વિદેશ નીતિમાં આમૂલ પરિવર્તન માટે કઈ બાબતો જવાબદાર છે.
A. ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ B.ટેકનોલોજી અને મલ્ટિનેશનલ કંપનીઓ C.ઉપરોક્ત બંને D.ઉપરોક્ત માંથી એક પણ નહીં.
7. ભારતની વિદેશનીતિ કેવા પ્રકારની છે.
A. રશિયા તરફી B.અમેરિકા તરફ C.તટસ્થ D.બિનજોડાણવાદી
8. બિનજોડાણવાદી નીતિના ઘડતર માં ભારતના કયા રાજપુરુષ ની મુખ્ય ભૂમિકા રહી છે
A. સરદાર વલ્લભભાઇ પટેલ B.પંડિત જવાહરલાલ નેહરૂ C.ડોક્ટર રાજેન્દ્ર પ્રસાદ D.અટલ બિહારી બાજપાઇ
9. વિદેશ નીતિમાં આમૂલ પરિવર્તન કરનારા પરિબળ કયા છે.
A. ટેકનોલોજી B.ઉદારીકરણ C.વૈશ્વિકરણ D.ઉપરોક્ત તમામ
10.વિદેશ નીતિ એ---------- છે.
A. સતત બદલાતી પ્રક્રિયા છે. B.રાષ્ટ્રીય હિત સાધવા ની પ્રક્રિયા છે. C.ઉપરોક્ત બંને D.ઉપરના માંથી એક પણ નહીં.
11.ભારતની વિદેશ નીતિ ગુલામી અને પરતંત્રતા સંબંધે કેવી છે.
A. પ્રજાને મુક્ત થવાનોઅધિકાર છે. B.સંસ્થાનવાદ નો વિરોધ કરે છે. C.સામ્રાજ્યવાદ નો વિરોધ કરે છે. D.ઉપરોક્ત તમામ
12.જાતિવાદના સંદર્ભમાં ભારતની વિદેશ નીતિ નું શું વલણ છે ?
A. રંગભેદની નીતિનો વિરોધ કર્યો છે. B.માનવ અધિકારોની હિમાયત કરી છે. C.ઉપરોક્ત બંને D.ઉપરના માંથી એક પણ નહીં.
13.ભારતે પોતાના પાડોશી દેશ સાથે વિવાદ- સંઘર્ષની બાબતે કેવું વલણ અપનાવ્યું છે.
A. વાર્તાલાપ અને સમજૂતી દ્વારા ઉકેલ B.સશસ્ત્ર સંઘર્ષ દ્વારા ઉકેલ C.ઉપરના બંને D.ઉપરના માંથી એકપણ નહીં.
14.ઐતિહાસિક પરંપરાઓ ભૌગોલિક સ્થિતિ અને ભૂતકાળના અનુભવો ભારતની વિદેશ ના નિર્માણમાં મહત્વનો ફાળો આપ્યો છે. આ વિધાન કોનું છે.
A. ડો.બી.પી. દત્ત B.ડો. બી. એલ. ફડિયા C.કે.એમ. પાણીકર D.પંડિત જવાહરલાલ નહેરુ
15.ભારતની વિદેશનીતિ ભારતના બંધારણની કઈ કલમ માં મૂળતત્વો નો સમાવેશ કરેલ છે.
A. કલમ ૫૩ B.કલમ ૭૪ C.કલમ ૫૧ D.કલમ ૮૨
16.ભારતની વિદેશ નીતિ ના ભૂ રાજકીય પરિબળ તરીકે કઇ બાબતોનો સમાવેશ થતો નથી.
A. હિમાલય પર્વત B.હિંદ મહાસાગર C.ભારતની ભૌગોલિક સ્થિતિ D.ભારતનો સાંસ્કૃતિક વારસો
17.ભારત સાથે જોડાયેલો હિંદ મહાસાગર નો દરિયા કિનારો કેટલા કિલોમીટર લાંબો છે.
A. 4500 B.5400 C.6600 D.7205.5
18.વ્યૂહાત્મક દ્રષ્ટિએ હિંદ મહાસાગર નુ મહત્વ અંગે નીચેનામાંથી કયું સાચું નથી.
A. ડી આગો ગોર્શીયા ટાપુ B.મહત્વ જળમાર્ગ C.દક્ષિણ ભારતનો સંરક્ષણ ક્ષેત્રે વિકાસ D.વિશાળ દરિયા કિનારો
19.ભારતને કઈ પ્રાકૃતિક સરહદ પ્રાપ્ત થઇ છે.
A. ભૂમિ સરહદ B.દરિયાઈ સરહદ C.ઉપરોક્ત બંને D.ઉપરોક્ત આમાંથી એક પણ નહીં.
20.બાંગ્લાદેશના સર્જન થી ભારત શું ફાયદો થયો છે.
A. આક્રમણ માં ઘટાડો B.લશ્કરી ખર્ચમાં ઘટાડો C.સાંસ્કૃતિક આદાનપ્રદાન D.ઉપરોક્ત તમામ
21.ભારતીય સંસ્કૃતિના કયા ગુણો વિદેશ નીતિના ઘડતર માં સામેલ છે.
A. વિશ્વ શાંતિ ઉદ્દેશ્ય B.સહિષ્ણુતા C.સહ અસ્તિત્વ D. ઉપરોક્ત તમામ
22.ભારતે બિનજોડાણવાદી નીતિ શા માટે અપનાવી હતી.
A. ઠંડા યુદ્ધ દરમિયાન ઉત્પન થયેલી તણાવભરી પરિસ્થિતિને કારણે B.વિશ્વ શાંતિના ઉદ્દેશ્યને માટે
C. સહ અસ્તિત્વ આદર્શ ને કારણે D.ઉપરોક્ત તમામ

23. કયા ઐતિહાસિક પરિબળે ભારતની વિદેશ નીતિના ઘડતર માં ભાગ ભજવ્યો નથી.
A. વિદેશી શાસન B.ઉપનિવેશવાદ C.ભારતીય રાષ્ટ્રીય ચળવળ D.મૂડીવાદી વ્યવસ્થા
24. ભારતીય વિદેશ ના ઘડતરમાં નહેરુની કઈ વિચારધારાનો પ્રભાવ જોવા મળ્યો છે.
A. મૂડીવાદી વિચારધારા B.લોકશાહી સમાજવાદી વિચારધારા C.સામ્યવાદી વિચારધારા D.વ્યક્તિ વાદિ વિચાર ધારા
25. ભારતની વિદેશ નીતિ ના આર્થિક બાબતો કઈ છે.
A. સુરક્ષા B.વિદેશી સહાયતા C.આંતરરાષ્ટ્રીય વેપાર D.ઉપરોક્ત તમામ
26. ભારતે બિનજોડાણવાદી નીતિ સ્વીકારી હોવા છતાં સુરક્ષાની બાબતમાં તે કયા દેશ ઉપર નિર્ભર હતો
A. ફ્રાંસ B.બ્રિટન C.યુ.એસ D.રશિયા
27. ભારતની વિદેશ નીતિ એ----------છે.
A. તત્કાલીન પરિસ્થિતિની ઉપજ છે. B.પંડિત નેહરુના વિચારો નું મૂર્ત સ્વરૂપ છે. C.રાષ્ટ્રીય નેતૃત્વનું પરિણામ છે. D.ઉપરોક્ત તમામ
28. બિનજોડાણવાદ એટલે ----------
A. પલાયનવાદ B.પૃથકતાવાદ C.તટસ્થતાવાદ D.ઉપરોક્ત એક પણ નહિ
29. 1950 થી 1957ના આ સમયગાળા દરમિયાન ભારતની વિદેશનીતિ ક્યા દેશ તરફી હતી.
A. યુ.કે. B.યુ.એસ. C.યુ.એસ.એસ.આર. D.ફ્રાંસ
30. 1957 થી 1962 દરમિયાન ભારતને કયા કારણોસર વિદેશ નીતિમાં પરિવર્તન કરવું પડ્યું
A. આર્થિક સંકટ B.અનાજની અછત C.વિદેશી મુદ્રાની અછત D.ઉપરોક્ત તમામ
31. વિદેશ નીતિ એટલે એક રાજ્યનો અન્ય રાજયો સામે પોતાના રાષ્ટ્રીય હિતો નું સંવર્ધન આ વિધાન કોનું છે.
A. રોડી એન્ડરસન B.જ્યોર્જ એ. લિંકન C.નોર્મલ હિલ D.હેન્સ મોર્ગેન્થો
32. વ્યક્તિગત વિચાર, દ્રષ્ટિકોણ અને આકાંક્ષાઓ વિદેશ નીતિને પ્રભાવિત કરે છે. આ વિધાન સાથે તમે સંમત છો.
A. હા B.ના C.અસમંજસ D.તટસ્થ
33. બિનજોડાણવાદ નો અર્થ શું છે ?
A. વિશ્વના રાષ્ટ્રોમાં શાંતિ અને યોગ વધારવો. B.તટસ્થ રહેવું C.અવસરવાદી નીતિ અપનાવવી D.ઉપરોક્ત તમામ
34. બિનજોડાણવાદી દેશોનુ પ્રથમ શિખર સંમેલન ક્યાં મળ્યું હતું
A. બેલગ્રેડ - યુગોસ્લાવિયા B.નવી દિલ્હી -ભારત C.ડરબન -સાઉથ આફ્રિકા D.જકાર્તા -ઇન્ડોનેશિયા
35. બિનજોડાણવાદની ઉપલબ્ધિઓ શું છે ?
A. રાજકીય સંઘર્ષો રાખી શકાયા B.નિ:શસ્ત્રીકરણ અંગે પ્રગતિ C.ઠંડા યુદ્ધની તણાવ શૈશિલ્ય ની સ્થિતિમાં લાવી શક્યા D.ઉપરોક્ત તમામ
36. બિનજોડાણવાદી નીતિ ની મર્યાદા શું છે
A. સુરક્ષાના સાધનો ની ગેરહાજરી B.અવસરવાદી C.ઉપરોક્ત બંને D.ઉપરના તમામ
37. કયા ભારતીય વડાપ્રધાનની બિનજોડાણવાદી આંદોલનને માનવ ઇતિહાસ નું સૌથી મોટું શાંતિ આંદોલન ગણાવ્યું હતું.
A. અટલ બિહારી બાજપાઈ B.ઈન્દ્રકુમાર ગુજરાલ C.રાજીવ ગાંધી D.ઇન્દીરાબેન ગાંધી
38. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ જોન્સને લાલ બહાદુર શાસ્ત્રીની યુ,એસ.યાત્રા ઉપર શા માટે રોક લગાવી
A. ખાદ્યાન્ન ન મળવાથી B.વિયેટનામ નીતિનો વિરોધ કરવાથી C.પાકિસ્તાનનું ભારત ઉપર આક્રમણ કરવાની D.ઉપરોક્ત તમામ
39. ૧૯૭૧માં વડાપ્રધાન શ્રીમતી ઇન્દીરાબેન ગાંધીએ પાકિસ્તાનની કયા વિકલ્પ આપ્યા હતા.
A. નીચેના માંથી એક પણ નહીં. B.નીચેના બન્ને C. શેખ મુજીબુર સાથે સમજૂતી D.ભારત સાથે યુદ્ધ
40. ભારત સોવિયેત રશિયાની સંધિનો મુખ્ય આશય શું હતો ?
A. સૈનિક શસ્ત્ર અને પરસ્પર મૈત્રી B.શાંતિ મિત્રતા સહયોગ C.સહયોગ શાંતિ શસ્ત્ર ઉત્પાદન D.ઉપર માંથી એક પણ નહીં
41. પંચશીલ કરાર માં કયો સિદ્ધાંત નથી
A. અનાક્રમણ B.અહીંસા C.સહ અસ્તિત્વ D.શાંતિપૂર્ણ સમાધાન
42. ઇ.સ.૨૦૦૦ની સાલમાં ભારતના કયા વડાપ્રધાન યુ.એન.ની સભાને સંબોધી હતી
A. સુષ્મા સ્વરાજ B.ઇન્દીરાબેન ગાંધી C.મનમોહનસિહ D.અટલબિહારી બાજપાઈ
43. ભારતની વિદેશનીતિના અભ્યાસના અભિગમો કયા છે
A. સૈધ્ધાંતિક અભિગમ B.વિશ્લેષણાત્મક અભિગમ C.ઐતિહાસિક અભિગમ D.માળખાગત અભિગમ
44. ભારત-પાક સંબંધોના સંદર્ભે યુરોપીય સંઘ કેવું વલણ અપનાવ્યું છે
A. પાકિસ્તાનની સીમલા કરાર નું પાલન કરવા જણાવાયુ છે B.પાક ત્રાસવાદને પ્રોત્સાહન ન આપે
C. ઉપરોક્ત બંને D.ઉપરના માંથી એક પણ નહીં
45. ભારતે વિશ્વ શાંતિ માટે કઈ બાબત ની તરફેણ કરી છે
A. નિ:શસ્ત્રીકરણ B.અણુશક્તિ અંગે આંતરરાષ્ટ્રીય મૂકવા અંગે C.અણુશસ્ત્રો ઉપર અંકુશ મુકવો D.ઉપરોક્ત તમામ
46. ભારતની વિદેશનીતિના ઘડવૈયા પંડિત જવાલાલ નેહરૂ કયા પરિબળો ને વિશ્વ શાંતિ માટે અવરોધક ગણાવ્યા હતા
A. સંસ્થાનવાદ B.સામ્રાજ્યવાદ C.ઉપરોક્ત બંને D.ઉપર ના માંથી એક પણ નહિ
47. ભારતના પાડોશી દેશો સાથે નીતિ કેવી રહી છે
A. સહયોગ અને સહકાર વધારવા ની B.પરસ્પર વિશ્વાસ અને મૈત્રીપૂર્ણ
C. આર્થિક સામાજિક સાંસ્કૃતિક ક્ષેત્રે પરસ્પર સહયોગ D.ઉપરોક્ત તમામ
48. કયા નાણામંત્રીએ વૈશ્વિકરણ અને ઉદારીકરણના નો સ્વીકાર કરી ભારતનો આર્થિક વિકાસ ઝડપી બનાવ્યો હતો
A. પી ચિદમ્બરમ B.ડો. મનમોહનસિહ C.પ્રણવ મુખર્જી D.અરૂણ જેટલી
49. ભારતની વિદેશનીતિ કયા ક્ષેત્ર ને મહત્વ આપી છે
A. કૃષિક્ષેત્રે B.વાણિજ્ય ક્ષેત્રે C.સૈનિક ક્ષેત્રે D.ટેકનોલોજી ક્ષેત્રે
50. સોવિયેત રશિયા ના વિઘટન પછી ભારતની વિદેશનીતિ માં શું બદલાવ આવ્યો છે
A. કોઈ પરિવર્તન આવ્યું નથી B.અમેરિકા તરફી C.તટસ્થ D.બ્રિટન તરફી